# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 8-8-2024 સવાર : 9.00 થી 9.10

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

- શિક્ષણ એ સામાજિક પરિવર્તન અને રાષ્ટ્ર નિર્માણનું માધ્યમ હોવાનું જણાવતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ
- લોકસભામાં નાણાકીય ખરડો, 2024 પસાર કરવામાં આવ્યો – આ સાથે બજેટ પ્રક્રિયા સમાપ્ત
- ભારતીય રિઝર્વ બૅંકના ગવર્નર શક્તિકાંત દાસ આજે દ્વીમાસિક નાણાંકીય નીતિ જાહેર કરશે
- બાંગ્લાદેશમાં પ્રોફેસર મહોમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર આજે શપથ ગ્રહણ કરશે
- ઑલિમ્પિક કુશ્તીની ફાઇનલમાં ગેરલાયક ઠર્યા બાદ વિનેશ ફોગાટે નિવૃત્તિની જાહેરાત કરી - નિરજ ચોપડા આજે પોતાનો ખિતાબ બચવવા માટે મેદાનમાં ઉતરશે
- અને ત્રીજી વન ડે માં ભારતનો પરાજ્ય – શ્રીલંકાએ 2-0 શ્રેણી કબજે કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PREZ - NEW ZEALAND VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે શિક્ષણ એ સામાજિક પરિવર્તન તેમજ રાષ્ટ્ર ઘડતરનું સૌથી મોટું માધ્યમ છે. તેમણે ન્યૂઝીલેન્ડની રાજધાની વેલિંગ્ટનમાં આયોજીત આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે ભારત સરકારે દેશમાં શિક્ષણની ગુણવત્તાના સુધાર માટે કેટલાંક મહત્વના પગલાં લીધા છે.

રાષ્ટ્રપતિ મુર્મુ આજે ન્યૂઝીલેન્ડના બે દિવસીય પ્રવાસે વેલિંગ્ટન પહોંચ્યાં હતા. ન્યૂઝીલેન્ડના ગવર્નર જનરલ ડેમ સિંડી કિરોની ઉપસ્થિતિમાં વેલિંગ્ટનના ગવર્મેન્ટ હાઉસમાં તેમનું ઔપચારિક સ્વાગત કરાયું. અહીં તેમને રૉયલ ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું. રાષ્ટ્રપતિ મુર્મુ ન્યૂઝીલેન્ડના રાજ્યપાલ જનરલ ડેમ સિંડીકિરો, પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન અને ઉપ પ્રધાનમંત્રી તેમજ વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સ સાથે દ્વીપક્ષીય બેઠક કરશે.

# LS FINANCIALBILL

લોકસભામાં નાણાકીય ખરડો, 2024 પસાર કરવામાં આવ્યો છે. આ ખરડો પસાર થતાની સાથે  નાણાકીય વર્ષ 2024-25 માટે કેન્દ્ર સરકારની નાણાકીય જોગવાઇઓ અમલી બની છે, અને બજેટની પ્રક્રિયા પૂરીથઈ ગઈ છે. લોકસભામાં ખરડા અંગેની ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, મોદી સરકારનો હેતુ કર માળખાને સરળ બનાવવાની સાથે સાથે દેશમાં વિકાસ અને રોજગારની તકોને પ્રોત્સાહન આપવાનો છે. સુશ્રી સીતારમણે વધુમાં જણાવ્યું કે સરકારે છેલ્લાં એક દાયકામાં કર માળખામાં મોટા ફેરફાર કર્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું કે કરમાં વધારો કર્યા વિના સરકાર વધુ પારદર્શિતા સાથે નિયમોના પાલનને સરળ બનાવતા એક સરળ કર વ્યવસ્થા લાવી છે. મધ્યમ વર્ગ ઉપર કર બોજ અંગે વિપક્ષના દાવાને ફગાવતા નાણામંત્રીએ જણાવ્યું કે 2023માં વ્યક્તિગત આવક વેરા સ્લેબને ઘણા ઉદાર બનાવવામાં આવ્યા. તેમણે કહ્યું કે તમામ કરદાતાઓની કુલ કર ચૂકવણીમાં 37 હજાર, 500 રૂપિયાનો ઘટાડો થયો, જેના કારણે મધ્યમ વર્ગને ફાયદો થયો છે. નાણાકીય ખરડો પસાર થયા બાદ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહની કાર્યવાહી દિવસ પૂરતી સ્થગિત કરી દીધી હતી..

# LS MINORITY BILL

કેન્દ્ર સરકાર આજે લોકસભામાં બે મહત્વના ખરડા રજૂ કરશે. જેમાં વક્ફ બોર્ડને મળેલા અમર્યાદિત અધિકારીઓને ઓછા કરીને તેની વ્યવસ્થાને પારદર્શી બનાવવી, તેમજ મુસ્લિમ મહિલાઓ સહિત મુસ્લિમ સમાજના અન્ય પછાત વર્ગ, શિયા, સુન્ની, બોહરા અને આગાખાની જેવા વર્ગોને પ્રતિનિધિત્વ આપવા સહિતના બે ખરડા સામેલ છે.

લોકસભાની યાદી અનુસાર કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજિજૂ વક્ફ સંશોધન ખરડો 2024 અને મુસલમાન વક્ફ નાબૂદી ખરડો 2024 લોકસભામાં રજૂ કરશે.

# RBI-MONETARYPOLICY

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ આજે દ્વીમાસિક નાણાકીય નિતીની જાહેરાત કરશે. RBIની નાણાકીય નિતી સમિતિએ 6 ઑગસ્ટના રોજ ત્રણ દિવસની બેઠક શરૂ કરી હતી. RBIએ ફેબ્રુઆરી 2023થી છેલ્લા આઠ ત્રિમાસિક ગાળામાં રેપોરેટને યથાવત રાખ્યો છે..

# ISRO-SPACE I DAY

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઇસરો પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહને ભ્રમણકક્ષામાં લોંચ કરીને આ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે. આ ઉપગ્રહને લોંચ કરવા માટે સ્મોલ સેટેલાઇટ લોંચ વ્હિકલનો ઉપયોગ કવામાં આવશે, જેને 15મી ઓગસ્ટે સવારે નવ વાગીને 17 મિનિટે શ્રીહરિકોટાથી છોડવામાં આવશે.- -

# HEALTH- NEET-PG

સરકારે નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (NEET-PG) 2024 માટે પ્રશ્નપત્ર લીક થવાના મીડિયા અહેવાલોને ફગાવી દીધા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આવા અહેવાલોને ખોટા અને ભ્રામક ગણાવ્યા છે.

મંત્રાલયે કહ્યું છે કે તમામ ઉમેદવારોને ખાતરી આપવામાં આવી છે કે NEET PG 2024 પરીક્ષાના પ્રશ્નપત્રો હજુ સુધી નેશનલ મેડિકલ સાયન્સ એક્ઝામિનેશન બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યા નથી. મંત્રાલયે કહ્યું કે સોશિયલ મીડિયામાં પેપર લીકના દાવા ખોટા છે. મંત્રાલયે ઉમેદવારોને આવા અનૈતિક તત્વો દ્વારા ગેરમાર્ગે ન દોરાવા ચેતવણી આપી છે.

# BANGLADESH

બાંગ્લાદેશમા નોબેલ પારિતોષિક વિજેતા પ્રોફેસર મહોમ્મદ યુનુસના વડપણ હેઠળની વચગાળાની સરકાર આજે શપથ લેશે.

સૈન્ય પ્રમુખ જનરલ વકાર ઉઝ ઝમાનએ ગઈકાલે પત્રકારોને આ માહિતી આપતા આગામી ત્રણથી ચાર દિવસમાં દેશમાં સ્થિતિ સામાન્ય થવાની આશા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે જેઓ પણ આ હિંસામાં સામેલ હતા, તેમને બક્ષવામાં નહી આવે અને તેમની સામે કડક પગલાં લેવાશે.

દરમિયાન સરહદ સલામત દળ બીએસએફના ડાયરેક્ટર જનરલ દલજીતસિંહ ચૌધરીએ આજે ત્રિપુરામાં 856 કિલોમીટર લાંબી ભારત બાંગ્લાદેશ આતરરાષ્ટ્રીય સરહદ પર સલમતીની સ્તિતિની સમીક્ષા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો.

# NATIONAL SCIENCE AWARDS

કેન્દ્ર સરકારે 33માં રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કારની જાહેરાત કરી છે. આ પુરસ્કારો વિજ્ઞાન ટેક્નોલોજી અને નવીનીકરણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવનાર વ્યક્તિઓને આપવામાં આવે છે. ISRO-ચંદ્રયાન-3ની ટીમને અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ સાયન્સ ટીમ એવોર્ડ આપવામાં આવશે.

ભારતીય વિજ્ઞાન સંસ્થાના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રો. જી પદ્મનાભનની જૈવિક વિજ્ઞાન માટેના વિજ્ઞાન રત્ન પુરસ્કાર માટે પસંદગી કરાઈ છે. તો વિજ્ઞાન યુવા પુરસ્કાર માટે ડૉ.બપ્પી પોલ, ડૉ. અભિલાષ, રાધા કૃષ્ણન મહાલક્ષ્મી, પુરબી સૈકિયા, દિગેન્દ્રનાથ સ્વેન, પ્રભુ રાજગોપાલ અને પ્રશાંત કુમારની પસંદગી કરાઈ છે. 23 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે યોજાનારા એક કાર્યક્રમમાં તમામ કેટેગરીના પુરસ્કારો આપવામાં આવશે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન પૂર્વ, પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ અને ઇશાન ભારતમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે.

આગામી 3 દિવસ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ચંદીગઢ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

દરમિયાન આસામ અને મેઘાલય સહિત પૂર્વોત્તરના રાજ્યો માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન દિલ્હીમાં વાવાઝોડા અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

# PHOGAT RETIREMENT

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટે નિવૃત્તિની જાહેરાત કરી છે. વિનેશ ગઈકાલે પેરિસ ઑલિમ્પિકમાં કુશ્તી માટેની 50 કિલોગ્રામ વજન વર્ગની ફાઇનલમાં વજન વધુ હોવાને કારણે ગેરાલાયક ઠર્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે આ જાહેરાત કરી હતી.

# PARIS OLYMPIC

પેરિસ ઑલિમ્પિકમાં નિરજ ચોપડા આજે પોતાનો ખિતાબ બચાવવા મેદાનમાં ઉતરશે. તો પુરુષ હોકી ટીમ આજે કાંસ્ય ચંદ્રક માટે સ્પેન સામે સ્પર્ધામાં ઉતરશે.

ભારતના એક માત્ર પુરુષ કુશ્તીબાજ અમન સહરાવત આજે બપોર બાદ પુરુષોની 57 કિલોગ્રામ વજન વર્ગ ફ્રી સ્ટાઇલ સ્પર્ધામાં ભાગ લેશે. મહિલા કુશ્તીબાજ અંશુ પણ મહિલાઓ માટેની 57 કિલોગ્રામ વજન વર્ગ ફ્રી સ્ટાઇલ સ્પર્ધા માટે મેદાનમાં ઉતરશે. પેરિસ ઑલિમ્પિકમાં ગઈકાલે ભારત માટે નિરાશાજનક દિવસ રહ્યો. મહિલા કુશ્તીબાજ વિનેશ ફોગાટને 50 કિલોગ્રામ વજન વર્ગમાં તેમનું વજન થોડું વધું હોવાને કારણે સ્પર્ધા માટે ગેરલાયક જાહેર કરાયા હતા.

વિનેશને અંતિમ સંપર્ધામાં ગેરલાયક ઠેરવવાના નિર્ણયના વિરોધમાં અપીલ કરવામાં આવી છે. તેમણે પોતાના માટે સંયુક્ત ઑલિમ્પિક રજત ચંદ્રકની માગ કરી છે. વેઇટ લિફ્ટર એસ. મીરાબાઈ ચાનુ મહિલાઓની 49 કિલોગ્રામ ફાઇનલ સ્પર્ધામાં ચોથા સ્થાને રહ્યા. સ્પર્ધાના બીજા રાઉન્ડના અંતે ચાનુ 199 કિલોગ્રામનું વજન ઉઠાવી શક્યા. 2020માં એશિયન ચેમ્પિયનશીપમાં તેમણે શ્રેષ્ઠ પ્રદર્શન કરતા 205 કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું..

# SRILANKA

ત્રણ મેચોની વન ડે શ્રેણીમાં શ્રીલંકાએ ભારતને 2-0થી હરાવ્યુ છે. ગઈકાલે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી અંતિમ મેચમાં શ્રીલંકાએ ભારતને 110 રનથી હરાવીને ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. મેચની શરૂઆતમાં શ્રીલંકાની ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરીને 50 ઑવરમાં 7 વિકેટના નુકસાને 248 રન બનાવ્યા હતા.

શ્રીલંકાના ઑપનર અવિષ્કા ફર્નાન્ડોએ 102 બોલમાં 96 રન બનાવ્યા હતા. 249 રનના લક્ષ્યાંકનો પીછો કરતા મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમે સારી શરૂઆત કરી હતી. રોહિત શર્માએ 20 બૉલમાં 35 રન બનાવ્યા હતા. જોકે શુભમન ગિલ, વિરાટ કોહલી સહિતના મધ્યમ હરોળના ખેલાડીઓનું પ્રદર્શન સારું ન રહેતા ટીમ દબાણમાં આવી ગઈ હતી.

શ્રીલંકાની આ ઐતિહાસિક જીત છે. 1997 બાદ પ્રથમ વાર તેણે ભારતને એક દિવસની વન ડેશ્રેણીમાં ભારતને હરાવ્યું છે. શ્રેણીની પ્રથમ મેચ ટાઈ થઈ હતી. બીજી મેચમાં ભારત 32રને હાર્યું હતું.

# CAVA WOMEN'SVOLLEYBALL

કાઠમંડુના દશરથ સ્ટેડિયમમાં રમાયેલી કાવા મહિલા વોલીબોલ નેશન્સ લીગમાં ભારતે નેપાળને 3-2થી હરાવીને જીત મેળવી છે. ભારતે આ મેચ 23-25, 25-14, 22-25, 25-21 અને 15-5થી જીતી હતી. આ સાથે કાવા મહિલા વોલીબોલ નેશન્સ લીગમાં ભારતે બીજી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સ્પર્ધામાં નેપાળે રજત ચંદ્રક અને ઈરાને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

)